## માલપુર તાલુકા પંચાયત ભાજપના પ્રમુખને તેમના જ

# રાજકીય હરીફો દ્વારા જાહેરમાં ધુલાઈ કરાતાં ખળભળાટ


## પોલીસ સ્ટેશનની સામે જ પ્રમુખને માર મારી ગાડીના કાચ પણ તોડી નાખ્યા

(જિતેન્દ્ર પટેલ દ્વારા)

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લાના માલપુર ખાતે આજે બપોરે માલપુર તાલુકા પંચાયતના ભાજપાના ચાલુ પ્રમુખની તેમના રાજકીય હરિફો ધ્વારા જાહેરમાં માર મારી કપડા ફાડી નાખતા આજે અરવલ્લી જીલ્લાના રાજકારણમાં ખળભળાટ મચી ગયો હતો.

માલપુર તાલુકા પંચાયત ભાજપા ના પ્રમુખ સંજય પટેલ પર તેમના કેટલાક રાજકીય હરીફો ધ્વારા અંગત અદાવત ને લઈ ને છેલ્લા કેટલાય સમય થી અવાર નવાર ધમકીઓ મળતી હતી જે અંગે તેમણે આ બબાતે માલપુર પણોલીસ નુ પણ ધ્યાન દોર્યુ હતુ ત્યારે તે બાબત ને લઈ ને આજે બપોર ના સમયે જયારે માલપુર તાલુકા પંચાયત ભાજપા ના ચાલુ પ્રમુખ સંજય ભાઈ પટેલ પોતાની સરકારી ગાડી લઈ ને તાલુકા પંચાયત જતા હતા તે સમય દરમ્યાન તેમના કેટલાક રાજકિય વિરોધીઓ ધ્વારા પોલીસ સ્ટેશન ની બીલકુલ આગળ ગાડી માં થી ખેચી જાહેર માં બરાબર ની ધુલાઈ કરી હતી જયારે સરકારી ગાડી ના કાચ પણ ફોડી નાખવામાં આવ્યા હતા જયારે આ સમાચાર લખાય છે ત્યાં સુધી પોલીસ મથકે હજુ કોઈ ફરીયાદ કરવામાં આવી નહોતી જયારે માલપુર તાલુકા પંચાયત ના પ્રમુખ ધ્વારા આ ઘટનાને લઈ ને પોલીસ ને ફરીયાદ આપવા માટે પોતાના લેટરપેડ પર અરજી લખી આપવામાં આવી હતી પરંતુ પોલીસ ધ્વારા પણ જાણે આ બાબત ની ફરીયાદ લેવામાં કોઈ રસ ના હોય તેમ આ ઘટના માલપુર પોલીસ સ્ટશેન ની સામે જ ઘટી હોવા છતાં અને સંજયભાઈ પટેલ ચાલુ તાલુકા પંચાયત ના પ્રમુખ હોવા છતાં પણ પોલીસ ધ્વારા ફરીયાદ ન લેવાતા અનેક તર્કવિર્તકો થવા લાગ્યા છે ત્યારે હવે જોવુ રહયુ કે આ ઘટના કેટલો રાજકીય ગરમાવો લાવશે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# મોડાસામાં થયેલી ચોરી સી.સી. ટી.વી કેમેરામાં કેદ

## સી.સી.ટી.વી ફુટેજ મળી હોવા છતાં પણ પોલીસ તસ્કરોથી દુર

(સમીર બલોચ ધ્વારા)

મોડાસા, તા.૧૭

અરવલ્લી જીલ્લામાં તસ્કરોને મોકળુ મેદાન મળ્યુ હોય તેમ અરવલ્લી જિલ્લાની પોલીસ ઉંઘતી હતી. મોડાસા શહેરના બસ સ્ટેશન સામે બે દુકાન ચોરી કરતાં શહેરમાં નગરજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. જયારે ગઈકાલે થયેલી ચોરીઓમાં તસ્કરો ધ્વારા મોડાસા પોલીસ ચોકી દિવસેને દિવસે મોડાસા શહરેમાં ચોરીઓના બનાવમાં વધારો થવા લાગ્યો છે.

મોડાસા શહેરના બસ સ્ટશેન વિસ્તારમાં આવેલ લકી ફ્રુટ સેન્ટરની




ઝડપાઈ છે. બે દિવસ પહેલા બાયડમાં રોડ ઉપર આવેલી ચાર દુકાનોના તાળા તુટયા હતા ત્યારે ગઈકાલે મોડાસા શહેરમાં તસ્કરો ધ્વારા મોડાસામાં બે દુકાનો અને મકાનોને ટારગેટ બનાવી અરવલ્લી જીલ્લાની પોલીસીને પડકાર ફેકતાં હોય તેમ લાખો રૂપીયાની ચોરી કરી પલાયન થઈ ગયા છે.

મોડાસા શહેરમાં તસ્કરો ધ્વારા વાસી ઉતરાયણ મોડાસાના બે મકાનો અને દુકાનોમાં ચોરી કરીને મનાવી પાછળ આવેલ લકી ફ્રુટ સેન્ટરને પણ નીશાન બનાવી હતી. પરંતુ સદ્‌ભાગ્યે આ દુકાનમાં સી.સી. ટી.વી કેમેરા લાગેલા હોવાથી બે બુકાનીધારી તસ્કરો આ સી.સી.ટી.વી કેમેરાની ફુટેજમાં કેદ થઈ ગયા હતા. જયારે દુકાન માલિકે પોલીસને આ ફુટેજ આપી હોવા છતાં પણ પોલીસ પહોચથી હજુ તસ્કરો હજુ દુર છે.

અરવલ્લી જિલ્લાનુ મોડાસા શહેર હાલ તસ્કરોના હવાલે થઈ ગયુ હોય તેવુ લાગી રહયુ છે એટલે જ દુકાનમાં તસ્કરો ધ્વારા ગઈકાલે હાથફેરો કરીને ૬૭૦૦૦ હજાર રૂપીયા જેટલી રકમ તસ્કરો ઉઠાવી ગયા હતા અને આ સમગ્ર ઘટના દુકાન માલિકે લગાવેલ સી.સી. ટી.વી કેમેરામાં કેદ થઈ ગઈ છે. જયારે પોલીસે પણ આ ફુટેજ મેળવીને આ ચોરી કરનાર તસ્કરો સુધી પહોચવાનો પ્રયાસ આદરી દીધો છે પરંતુ પોલીસ હજુ પણ તસ્કરોથી દુર છે ત્યારે હવે જોવુ રહયુ કે પોલીસ આ ચોરીઓનો ભેદ કયારે ઉકેલશે.

# મોડાસાના સાકરીયામાં શંકાસ્પદ સ્વાઈનફલુનો કેસ નોંધાયો : આરોગ્ય વિભાગ સતર્ક

મોડાસા, તા.૧૭

સમગ્ર વિશ્વમાં સ્વાઈન ફલુએ હાહાકાર મચાવી દીધો છે. સ્વાઈન ફલુ નામ પડતા જ માનવજાતના હાડ થીજાવી દે છે. સ્વાઈન ફલુમાં સામાન્ય તાવ, શરદીના પ્રાથમિક લક્ષણો જોવા મળતા તબીબો પણ સ્વાઈન ફલુને ઓળખવામાં થાપ ખાઈ જાય છે. જયારે સ્વાઈન ફલુ શરીરમાં સંપૂર્ણ ફેલાઈ જાય ત્યારે દરદીને શ્વાસોશ્વાસ લેવામાં તકલીફ અને શરીરમાં ટેમ્પરેચર વધી જતાં દરદીની હાલત કફોડી થઈ જાય છે કયારેક સ્વાઈન ફલુ પણ જીવલેણ સાબિત થતો હોઈ સ્વાઈન ફલુના નામથી જ માણસ ફફડી ઉઠે છે.

> મોડાસા આરોગ્ય વિભાગે સાકરીયા ગામમાં શંકાસ્પદ સ્વાઈન ફલુના લક્ષણો ધરાવતી મહિલાના કુટુંબની તપાસ કરી હતી તેમજ સમગ્ર વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી પરંતુ અત્યારે બીજા કોઈ પણ દર્દીને તાવ, માથા-શરદીના લક્ષણો ન જણાતા આરોગ્ય વિભાગે રાહતનો શ્વાસ લીધો હતો. આરોગ્ય વિભાગ દ્વારા સતત મોનીટરીંગ ચાલુ છે

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સાકરીયા ગામની યુવાન સગર્ભા મહિલાને તાવ શરદીના લક્ષણો જણાતાં મોડાસા શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી જેના કારણે શંકાસ્પદ સ્વાઈન ફલુની અસર ઓછી થઈ જતા રજા આપી દીધી હતી પરંતુ ગઈકાલે રાત્રે અચાનક શ્વાસોશ્વાસ લેવામાં તકલીફ પડતા મોડાસાની સુપર સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. પરંતુ શ્વાસ લેવામાં તકલીફ જણાતા હિંમતનગર ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ તબીબે સલાહ આપતાં આ મહિલા દર્દીને લક્ષણો જોતાં હિંમતનગરના ખાનગી તબીબે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી અને પ્રાથમિક લક્ષણોના આધારે સ્વાઈન ફલુનુ નિદાન કરી બ્લડની તપાસ કરાવવામાં આવી છે. બ્લડના રિપોર્ટ બાદ ખબર પડી કે આ મહિલાને સ્વાઈન ફલુ છે કે નહિ? મહિલાની હાલત સ્થિર છે.


સરડોઈ ગ્રામ પંચાયતના સરપંચ જયદત્તસિંહ પુવાર અને પંચાયતના સભ્યોએ સરડોઈ ગામમાં ગરીબ લોકોને ઠંડીથી બચવા માટે મફત ધાબળાનું વિતરણ કર્યુ હતું. (તસવીર : જય અમીન)

## ભાટીયા ગામે એન.એસ.એસ. કાર્ય શિબિર યોજાઈ

તલોદ, તા.૧૭

તલોદની એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એસ. કોમર્સ કોલેજ દ્વારા ભાટીયા ગામે એન.એસ.એસ. કાર્ય શિબિર યોજાઈ હતી.

આ શિબિરના ઉદઘાટક તરીકે રાજયના પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણે ખાસ ઉપસ્થિત રહી રાષ્ટ્રને પ્રેરક અને પોષક બને એવી હકારાત્મક અને સેવાકીય પ્રવૃત્તિઓનો બહોળો પ્રચાર યુવાનો દ્વારા થાય તે માટે અનુરોધ કર્યો હતો.

આ કાર્યશિબિરમાં સ્વચ્છતા અભિયાન ખાસ હાથ ધરવામાં આવ્યું હતું. તથા મફત રોગ નિદાન યોગ શિબિર, બૌધિક વ્યાખ્યાન, ચશ્મા વિતરણ, સામાજિક વિષમતા દર્શાવતા વિવિધ સાંસ્કૃતિક નાટકો એક પાત્રીય અભિનય અને વ્યાખ્યાન શ્રેણી યોજી લોકોને જાગૃત કરવાના અને વ્યસન મુકિત કરવાના ભગીરથ પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે યુનિવર્સિટીના પરીક્ષા નિયામક પ્રો. ગિરીશચંદ્ર ઠક્કર, દિલીપભાઈ પટેલ, ગજેન્દ્રસિંહ પરમાર, નરેન્દ્રભાઈ પટેલ, હિતેશભાઈ પટેલ, સરપંચ પ્રધાનસિંહ રાઠોડ, શિબિરના સંયોજક ડૉ. કે.એમ. ડિડોર, ડૉ. કે.બી. ચૌધરી, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પ્રો. આર.બી. સોલંકી, એમ.આર. પરીખ, ડૉ. વી.પી. ચૌહાણ વગેરે હાજર રહ્યા હતાં.

## તલોદની સી.ડી.પટેલ શાળામાં વિજય પદ્‌મ વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

તલોદ તા.૧૭

તલોદની સી.ડી.પટેલ હાઈસ્કુલમાં નવમી વિજય પદ્‌મ વકતૃત્વ સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિધાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું.

આ સ્પર્ધામાં પ્રાથમિક વિભાગની ૮ અને માધ્યમિક વિભાગની ૮ શાળાઓના મળી કુલ ૩૧ સ્પર્ધકો એ ભાગ લઈ ધારદાર ભાષાથી વકતવ્ય રજુ કર્યું હતું. જેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ વિધાર્થીઓને આમંત્રિતો દ્વારા ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા. આ સ્પર્ધામાં પૂર્વ મંત્રી વી.ડી.ઝાલા, પ્રવિણ પટેલ, સેવકભાઈ પટેલ, લાલજીભાઈ પટેલ, આર.એલ. પટેલ, વિનોદભાઈ પટેલ, અમૃતભાઈ શાહ સહિત મોટી સંખ્યામાં શાળા પરિવારના સભ્યોએ હાજર રહી વિધાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.


**ખેડબ્રહ્મા એલ.આઈ.સી. ઓફિસ દ્વારા સ્વચ્છતા અભિયાન**

ભારત સરકારના સ્વચ્છતા અભિયાન અંતર્ગત ખેડબ્રહ્મા એલ.આઈ.સી. ઓફિસ દ્વારા શનિવારે અંબિકા મંદિર સંકુલમાં સફાઈ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અભિયાનના પ્રારંભે દરેક વ્યકિતને સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. કાર્યક્રમમાં અજીતકુમારસિંહ, મયુર ત્રિવેદી, એમ.જે. દેસાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.


કાંકરેજ તાલુકાના આકોલી પે.કેન્દ્ર શાળામાં એસ.એમ.સી સભ્યો એ શાળાના આચાર્ય બિન્દુબા ઝાલાની મુલાકાત લઈ શાળાના વિકાસ અને શિક્ષણ અંગે ચર્ચા વિચારણા કરી હતી. મુલાકાત દરમિયાન એસ.એમ.સી ટીમે શાળાના વિવિધ પડતર પ્રશ્નો અંગે માહિતી મેળવી હતી. અને શાળા દ્વારા કરવામાં આવેલ અનેક રજુઆતને ઉચ્ચકક્ષા સુધી પહોંચાડવા અને જરૂરી પગલા લેવા જણાવ્યું હતું. જયારે છેલ્લા ઘણા સમયથી બંધ શાળાના કોમ્પ્યુટરોની પણ વિગતો મેળવી જરૂરી સૂચનો કર્યા હતા. આ કાર્યક્રમમાં શિક્ષણ વિદ વિજુભા વાઘેલા, દસુભા, ભીખુભાઘ બળવંતજી દૂધેચા વગેરે હાજર રહ્યા હતા.

# જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ૩૨ પ્રશ્નો રજૂ કરાયા

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જીલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને શનિવારે મળેલી સંકલન અને ફરીયાદ સમિતિ બેઠકમાં સંસદસભ્ય સહિત કોંગ્રેસના ઉપસ્થિત ધારાસભ્યોએ વિજળી, પાણી તથા જમીન મહેસુલના વિવિધ પડતર પ્રશ્નોના નિકાલમાં વહીવટી તંત્રના અધિકારીઓ દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી ન હોવાથી અરજદારોને હાલાકી ભોગવવી પડે છે એવી રજુઆત કરતા જીલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ ઉપસ્થિત અધિકારીઓને પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ કરવા તાકીદ કરી હતી. જીલ્લા સંકલન સમિતિની બેઠકમાં ૩૨ થી વધુ પ્રશ્નોની રજુઆત થતા ઉચ્ચ અધિકારીઓના ચહેરા પર ચિંતાની લાગણી જોવા મળી હતી. રાજય સરકાર દ્વારા વાયબ્રાન્ટ મહોત્સવની ઉજવણી બાદ વહીવટી તંત્રના અધિકારીઓ દ્વારા કેવા પ્રકારની કામગીરી કરાય છે તેના અહેવાલ મંગાવવામાં આવી રહ્યા છે ત્યારે શનિવારે સાબરકાંઠા જીલ્લા કલેકટર બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક મળી હતી. સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડ દ્વારા સરકારી લેણાની વસુલાત, વિજળી તથા પાણી જેવા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં અધિકારીઓ ઉદાસીનતા ભર્યુ વલણ દાખવતા હોવાનું જણાવ્યું હતું.

આ ઉપરાંત ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ, પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ પણ ગ્રામ્ય વિસ્તારમાં પ્રજાની અસર કરતા વિવિધ પ્રશ્નો સંદર્ભે રજુઆત કરી હતી. જેની ગંભીરતા પુર્વકની નોંધ લઈ જીલ્લા કલેક્ટર બંછાનિધિ પાનીએ સંકલન સમિતિમાં હાજર રહેલા તમામ અધિકારીઓને ઝડપથી નિરાકરણ કરવા માટે અનુરોધ કર્યો હતો. સંકલન સમિતિની બેઠકમાં વસ્તી ગણતરીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતુ. બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ., જીલ્લા પોલીસ વડા પ્રવિણ માલ, અધિક કલેકટર એસ.ડી. ધાનાણી, હિંમતનગરના પ્રાંત ઓફીસર એમ. કે. વ્યાસ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.આગામી પ્રજાસત્તાક પર્વની ઉજવણી પોશીના ખાતે થનાર છે ત્યારે રાષ્ટ્રીયપર્વની ઉજવણીમાં સૌ કોઈ ભાગ લે તેવા પ્રયાસો કરવા તથા સ્વચ્છતા મીશનમાં જોડાય તેવી અપીલ જીલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવી હતી.

# સાબર ડેરી સંચાલિત દૂધ પ્લાન્ટનો રોહતકમાં પ્રારંભ

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા તથા અરવલ્લી જીલ્લાના દૂધ ઉત્પાદકો પાસેથી એકત્ર કરાતા દૂધના નિકાલ માટે સાબરડેરી દ્વારા દિલ્હી અને એન.સી.આર. વિસ્તારમાં સાત વર્ષ અગાઉ દૂધનું વેચાણ શરૂ કરાયું હતું. અને તત્કાલીન સમયે હરીયાણાના રોહતક ખાતે સરકાર પાસેથી ૧૪ એકર જમીન ખરીદી તેમા દૂધનું પેકીગ કરવાનું નક્કી કરાયું હતું. જે અંતર્ગત રૂ. ૧૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ પ્લાન્ટનું શુક્રવારે સાબરડેરી અને જી. સી. એમ. એમ. એફ. ના ચેરમેનના હસ્તે ઉદઘાટન કરાયું હતું.આ પ્રસંગે ચેરમેન જેઠાભાઈ પટેલ, એમ. ડી. બાબુભાઈ પટેલ તથા જી. સી. એમ. એમ. એફ. ના એમડી આર. એસ. સોઢીની ઉપસ્થિતિમાં પ્લાન્ટનું લોકાર્પણ કરાયા બાદ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવાયું હતું કે અત્યારે રોહતક પ્લાન્ટમાં પ્રતિદિન ૬ લાખ લીટર દૂધનું પ્રોસેસ કરી પેકીગ કરાશે. ઉપરાંત આજ પ્લાન્ટમાં અમુલ બટર મિલ્ક, મસ્તી દહી, યોગર્ટ તથા લસ્સી બનાવી શકાશે. જેથી બન્ને જીલ્લાના દૂધ ઉત્પાદકોને વધુ ફાયદો થશે.

આ પ્રસંગે સાબરડેરીના નિયામક મંડળના સભ્યો, અધિકારીઓ, ફેડરેશન અને હરીયાણા સરકારના સંલગ્ન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ કલેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્‌ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્‌ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્‌ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્‌ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦